ફોન :-
પાટણ : ૨૩૦૦૬૮/૨૨૦૨૨૮
: ૨૩૦૮૦૮/૨૨૧૩૪૭
હારીજ : ૨૨૨૪૦૪
ઉંઝા : ૨૫૩૪૧૯
અમદાવાદ : ૪૦૨૩૨૧૯૪
Email : dptco123@gmail.com,

ESTD DPT 1956

# ડી. પી. ઠક્કર એન્ડ કાં.
# ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ
ટેક્ષ કન્સલટન્ટસ
'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

Website : www.dpthakker.com

બ્રાન્ચ : નીધી હોસ્પીટલ બિલ્ડીંગ, સ્ટેડીયમ છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૯

તા. ૨૫-૮-૨૦૧૯

**વેપારી મિત્રો,**

સને ૨૦૧૯-૨૦ એટલે કે એસેસમેન્ટ વર્ષ ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે ઈન્કમટેક્ષ કાયદા હેઠળ નવા બજેટમાં સુધારા વધારા કરેલા તેનો અમલ હવે શરૂ થયો છે. એટલે જે અગત્યના સુધારા વધારા કરેલા છે તે તથા અગત્યની બાબતોની માહીતી અને સમજ નીચે મુજબ છે.

**(૧) ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલીંગ ( F.Y. ૨૦૧૮-૧૯)**

(૧) નોન ઓડીટેડ પેઢીઓ તથા તેના પાર્ટનરો અને ધંધા સિવાયની જેવી કે પગાર, વ્યાજ, ભાડું કે કેપીટલ ગરેઈનની આવક ધરાવતા વ્યકિત તથા H.U.F ને F.Y. ૨૦૧૮-૧૯ ના રીટર્ન ભરવાની ડ્યુ તા. ૩૧/૦૭/૨૦૧૯ હતી તે લંબાવીને તા. ૩૧/૦૮/૨૦૧૯ કરી છે.

(૨) ઓડીટવાળા રીટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૦/૦૯/૨૦૧૯ છે. ઓડીટ વાળી પેઢીના વર્કીંગ પાર્ટનરો માટે પણ રીટર્ન ભરવાની ડ્યુ ડેટ ૩૦/૦૯/૨૦૧૯ છે.

(૩) ઓડીટવાળી પેઢીના ભાગીદાર હોય પણ વર્કીંગ પાર્ટનરો તરીકે પગાર પેઢીમાંથી મળતો ન હોય તો તેમના માટે રીટર્ન ભરવાની ડ્યુ ડેટ ૩૧/૦૮/૨૦૧૯ છે.

(૪) લિમિટેડ કંપનીના ડાયરેકટર કંપનીમાંથી પગાર લેતા હોય તો પણ તેમના માટે રીટર્ન ભરવાની ડ્યુ ડેટ ૩૧/૦૮/૨૦૧૯ છે.

(૫) ડ્યુ ડેટ પછી રીટર્ન ભરવામાં આવે તો ધંધો કરતી પેઢીઓ તથા કંપની ને ધંધામાં જો નુકશાન હશે તો તે નુકશાન પછીના વર્ષોમાં ફેરી ફોરવર્ડ થઈ શકશે નહીં.

(૬) પેઢી, કંપની, અંગત, H.U.F. વિગેરે જો ડ્યુ તા. પછી પણ તા. ૩૧/૧૨/૨૦૧૯ સુધીમાં ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરે તો રૂા. ૫૦૦૦/- ની પેનલ્ટી ભરીને રીટર્ન ભરી શકાશે.

(૭) અને જો તા. ૩૧/૧૨/૨૦૧૯ પછી પણ તા. ૩૧/૦૩/૨૦૨૦ સુધીમાં રીટર્ન ભરેતો રૂા. ૧૦,૦૦૦/- ની પેનલ્ટી ભરીને રીટર્ન ભરી શકાશે.

(૮) રીટર્ન ડ્યુ ડેટ પછી ભરવામાં આવે પણ આવક રૂા. ૫,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો પેનલ્ટી રૂા. ૧૦૦૦/- લાગશે.

(૯) F.Y. ૨૦૧૮-૧૯ નું ઈન્કમટેક્ષ રીટર્ન તા. ૩૧/૦૩/૨૦૨૦ પછી ભરી શકાશે નહીં. એટલે જો કોઈ રીફંડ લેવાનું હોય તો મળશે નહીં.

D. P. Thakker & Co.

**(૨) આવક વેરાના દર :-**

(૧) વ્યકિત, H.U.F. અને AOP માટે ગઈ સાલના આવકવેરાના દર તથા હેલ્થ અને એજ્યુકેશન સેસમાં કોઈ ફેરફાર નથી. તેવીજ રીતે ઈન્કમટેક્ષ ને પાત્ર આવકની મર્યાદામાં કાંઈ ફેરફાર નથી. એટલે કે રૂા. ૨,૫૦,૦૦૦ સુધીની આવક ઉપર કોઈ ટેક્ષ નથી.

તેવીજ રીતે સિનિયર સીટીઝન એટલે કે ૬૦ થી ૮૦ વર્ષ સુધીના કરદાતાઓને રૂા.૩,૦૦,૦૦૦/- સુધીની આવક ઉપર કોઈ ટેક્ષ નથી અને સુપર સીનીયર સીટીઝન એટલે કે ૮૦ વર્ષ થી ઉપરના કરદાતાઓ માટે રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી ની આવક ઉપર કોઈ ટેક્ષ નથી.

(૨) નવા બજેટ થી જે ફેરફાર થયો છે તે વ્યકિત H.U.F., AOP કે BOI ને ટેક્ષ ઉપર જે સરચાર્જ લાગે છે તેના દરમાં વધારો કરેલ છે એટલે આવા કરદાતાઓને રૂા. ૫૦ લાખ ઉપર ની આવક ઉપર નીચે મુજબ સરચાર્જ લાગશે.

| આવકની મર્યાદા | સરચાર્જનો દર |
|---|---|
| (૧) રૂા. ૫૦ લાખ થી રૂા. ૧ કરોડ સુધીની આવક ઉપર | ૧૦% |
| (૨) રૂા. ૧ કરોડ થી રૂા. ૨ કરોડ ની આવક ઉપર | ૧૫% |
| (૩) રૂા. ૨ કરોડ થી રૂા. ૫ કરોડ ની આવક ઉપર | ૨૫% |
| (૪) રૂા. ૫ કરોડ થી ઉપરની આવક ઉપર | ૩૭% |

**નોંધ :-** (૧) કુલ આવક ઉપર જે ઈન્કમટેક્ષ ની રકમ થતી હોય તેના ઉપર આ સરચાર્જ લાગે.

(૨) ઈન્કમટેક્ષ + સરચાર્જ મળીને જે રકમ થાય તેના ઉપર ૪% લેખે હેલ્થ + એજ્યુકેશન સેસ લાગે.

(૩) અંગત કે HUF કરદાતાની આવક માંથી કલમ 80C, 80G, 80D, હાઉસીંગ લોન વ્યાજ, ભાડા તથા પગારમાંથી બાદ મળતું ડીડકશન વિગેરે બાદ કર્યા પછી નેટ આવક જો રૂા. પાંચ લાખ થી વધુ ન હોય તો તેને કોઈ ઈન્કમટેક્ષ ભરવાનો થશે નહીં. કારણ તેને રૂા. ૧૨,૦૦૦/- નું ટેક્ષ રીબેટ મળશે.

(૪) ભાગીદારી પેઢીને કોઈ આવક માફ નથી. બધી આવક ઉપર ૩૦% ઈન્કમટેક્ષ લાગશે. પેઢીની આવક રૂા. ૧ કરોડ થી વધુ હશે તો ટેક્ષના ૧૨% સરચાર્જ લાગશે. આવક ગમે તેટલી હોય પણ ટેક્ષ + સરચાર્જની રકમ ઉપર ૪% સેસ લાગશે.

(૫) ડોમેસ્ટીક કંપનીનું F.Y. ૨૦૧૭-૧૮ માં કુલ ટર્ન ઓવર રૂા. ૪૦૦ કરોડથી ઓછું હોયતો ૨૫% ઈન્કમટેક્ષનો દર છે અને તે સિવાયની કંપનીઓ માટે ૩૦% દર છે ટેક્ષ ઉપર ૪% સેસ લાગશે. અને સરચાર્જ નીચે પ્રમાણે લાગશે.

| કંપનીની આવક | સરચાર્જનો દર |
|---|---|
| (૧) રૂા. ૧ કરોડ થી ૧૦ કરોડ અંદર | ૦૭% |
| (૨) રૂા. ૧૦ કરોડ કે તેથી વધુ | ૧૨% |

D. P. Thakker & Co.

(૬) મિનિમમ અલ્ટરનેટ ટેક્ષ - (MAT) ના દર કંપનીના કેસમાં નીચે પ્રમાણે છે.

(૧) આવક ઉપર ૧૮.૫૦% ટેક્ષ લાગે અને તેના ઉપર ૪% હેલ્થ એજ્યુકેશન સેસ લાગે.

(૨) પણ જો આવક રૂા. ૧ કરોડ થી ૧૦ કરોડ સુધીની આવક ઉપર ટેક્ષની રકમના ૭% સરચાર્જ લાગે અને ટેક્ષ તથા સરચાર્જ ની રકમના ૪% હેલ્થ એજ્યુકેશન સેસ લાગે.

(૩) જો આવક રૂા. ૧૦ કરોડ થી વધુ હોય તો સરચાર્જ ૭% ને બદલે ૧૨% લાગે.

(૭) કેપીટલ ગેઈન ઉપર નીચે પ્રમાણે ટેક્ષ લાગશે.

| કેપીટલ ગેઈન ની વિગત | ટેક્ષનો દર |
|---|---|
| (૧) શેર સિવાયની મિલ્કત ઉપર લાંબા ગાળાનો નફો (એટલે કે ખરીદીના ૨૪ મહિના પછી વેચાણ કરવામાં આવે) | ૨૦% |
| (૨) કંપનીના શેરો તથા ઈકવીટી ઓરીએન્ટેડ ફંડનો ટૂંકા ગાળાનો મુડીનો નફો (એટલે કે ખરીદીના ૧૨ મહિના ની અંદર વેચાણ કરવામાં આવે) | ૧૫% |
| (૩) કંપનીના શેરો તથા ઈકવીટી ઓરીએન્ટેડ ફંડ લાંબા ગાળાનો મુડીનો રૂા.૧ લાખ ઉપરનો નફો (ખરીદીના ૧૨ મહિના પછી વેચાણ કરવામાં આવે.) | ૧૦% |

**નોંધ :-** (૧) ઉપર પ્રમાણે ઈન્કમટેક્ષ ભરવાનો થાય તેના ઉપર લાગુ પડતા દરે સરચાર્જ અને ૪% હેલ્થ + એજ્યુકેશનસેસ લાગશે.

## (૩) T.D.S. ની જોગવાઈમાં ફેરફાર :-

(૧) બેંકમાંથી રોકડ ઉપાડ ઉપર T.D.S. ની નવી જોગવાઈ :-

(૧) તાજેતરના બજેટમાં બેંકમાંથી કે પોસ્ટ ઓફિસમાંથી કરવામાં આવતાં રોકડ ઉપાડ ઉપર બેંકો તથા પોસ્ટ ઓફિસે ૨% T.D.S. કરવાની નવી જોગવાઈ સુચવવામાં આવેલ બજેટ હવે પાસ થઈ ગયું છે. એટલે આ જોગવાઈ હવે કાયદો બની ગઈ છે.

(૨) તારીખ ૧-૪-૨૦૧૯ થી ૩૧-૮-૨૦૧૯ સુધીમા જો બેન્ક ખાતા માંથી રૂા.૧ કરોડ થી વધુ રકમ નો ઉપાડ કરેલો હોય તો તારીખ ૧-૯-૨૦૧૯ થી આવી બેંક્ના ખાતામાંથી તારીખ ૧-૯-૨૦૧૯ થી જે રોકડ રકમ ઉપાડ કરવામાં આવે તેના ઉપર ૨% TDS કરવામા આવશે.

(૩) પરંતુ તા ૩૧-૮-૨૦૧૯ સુધી બેંકના ખાતામાંથી રૂા. ૧ કરોડથી ઓછી રકમનો ઉપાડ કરલો હોય તો તારીખ ૧-૯-૨૦૧૯ થી આવી બેંકના ખાતામાંથી જયારે રોકડ રકમનો ઉપાડ રૂા. ૧ કરોડથી વધે ત્યારેથી ૧ કરોડથી વધારાની રકમ ઉપર ૨% લેખે TDS કરવામાં આવશે.

(૪) તા.૩૧-૮-૨૦૧૯ સુધીમાં બેંકમાંથી રૂા.૧ કરોડથી વધુ ઉપાડ કરેલો હોય તેના ઉપર TDS કરવામાં આવશે નહી.

(૫) દરેક બેંકમાં થી રૂા. એક કરોડ ઉપાડી શકાશે ત્યાં સુધી T.D.S. થશે નહીં.

(૬) બેંકો દ્વારા રોકડ ઉપાડ ઉપર જે ૨% ની T.D.S. કરવામાં આવશે તે જે તે નાંણાકીય વર્ષની આવક ઉપર જે ઈન્કમટેક્ષ ભરવાનો થતો હોય તેની સામે મજરે મળશે અને વધારે T.D.S. થયેલ હશે તો રીફંડ મળશે.

(૨) કલમ 194 A હેઠળ અત્યાર સુધી બેંક અને પોસ્ટ ઓફિસ ડીપોઝીટ ઉપર ૧૦,૦૦૦/- થી વધુ વ્યાજ મલે તો T.D.S. થાય છે. તે લીમીટ વધારીને ૪૦,૦૦૦/- કરી છે. એટલે બેંકો તથા પોસ્ટ ઓફિસમાંથી ડીપોઝીટ ઉપરનું વ્યાજ ૪૦,૦૦૦/- થી વધુ હોય તો ૧૦% T.D.S. થશે .

(૩) અત્યાર સુધી ભાડાની રકમ રૂા. ૧,૮૦,૦૦૦/- થી વધુ હોય તો T.D.S. કરવી પડતી હતી તે મર્યાદા વધારીને રૂા. ૨,૪૦,૦૦૦/- કરી છે.

D. P. Thakker & Co.

(૪) જીવનવીમા ની ટેક્ષેબલ પોલીસી ઉપર કલમ 194DA હેઠળ T.D.S. ની જોગવાઇ છે. તેમાં સુધારા કરીને પોલીસીમાંથી ઉદ્‌ભવતી આવક ઉપર ૫ % પ્રમાણે T.D.S. થાશે. દા.ત. ૧ લાખની પોલીસીના પાકતી મુદ્દતે ૧,૪૦,૦૦૦/- આવેતો ૪૦,૦૦૦/- ઉપર જ T.D.S. થશે.

(૫) ઓડીટ ના કરાવતી વ્યકિત તથા એચ.યુ.એફ. ને T.D.S. ની લાગુ પડતી નવી જોગવાઇ :-

(૧) અત્યાર સુધી ઓડીટ પાત્ર ન હોય તેવી વ્યકિત કે HUF કોન્ટ્રાકટર ને કે પ્રોફેશનલ સર્વિસ માટે કોઇને જે રકમ ચૂકવે છે તેના ઉપર T.D.S. કરવી પડતી નથી.

(૨) પણ હવે તારીખ ૦૧/૦૯/૨૦૧૯ થી ઓડીટ ના કરાવતી વ્યકિત અને એચ.યુ.એફ ને જો વર્ષ દરમ્યાન કોન્ટ્રાકટર ને કે પ્રોફેશનલ ને રૂા. ૫૦ લાખ થી વધુ રકમની ચુકવણી કરેતો ૫% લેખે T.D.S. કરવાની રહેશે.

(૩) આવા કેસમાં વ્યકિત કે એચ.યુ.એફ ને TAN NO મેળવવા માંથી તેમજ T.D.S. નું સ્ટેટમેન્ટ ફાઇલ કરવામાંથી મુકિત આપેલ છે. અને આ અંગે નિયત કરવામાં આવેલ From-26 QB ચલણ કમ સ્ટેટમેન્ટ સમયસર ભરવાનું રહેશે.

(૬) ખેતીની જમીન સિવાયની જમીન કે મકાનની ખરીદી વખતે જો આવી પ્રોપર્ટીની કિંમત રૂા. ૫૦ લાખથી વધતી હોય તો ખરીદનારે ૧ ટકા પ્રમાણે T.D.S. કરવાની જોગવાઇ છે. હવે કાયદામાં સુધારા કરીને રૂા. ૫૦ લાખની કિંમત ગણવામાં કલબ મેમ્બરશીપ ફી, પાર્કીંગ ચાર્જ, ઇલેકટ્રીક કે વોટર કનેકશન ચાર્જ, મેઇન્ટેનન્સ ફી કે ખરીદીને લગતાં અન્ય ચાર્જ જે ચુકવવામાં આવે તેનો પણ સમાવેશ કરેલ છે. એટલે કે આ બધા અન્ય ચાર્જીસ ઉમેરીને મિલ્કત ની ખરીદ કિંમત રૂા. ૫૦ લાખ થી વધી જાય તો ૧% T.D.S. કરવી પડે.

(૪) અત્યાર સુધી અંગત કે H.U.F. જેની આવક ટેક્ષેબલ ન હોય તેના માટે ઇન્કમટેક્ષ રીટર્ન ભરવું ફરજિયાત નહોતું પરંતુ હવે ચાલુ નાણાંકીય વર્ષ થી નીચેની વ્યકિતઓ માટે પણ ઇન્કમટેક્ષ રીટર્ન ભરવું ફરજિયાત કરેલ છે. :-

(૧) બેંકમાં કરંટ એકાઉન્ટ માં રૂા. એક કરોડથી વધુ ડીપોઝીટ કરેલ હોય

(૨) વર્ષ દરમ્યાન પોતાના કે અન્યના ફોરેન ટ્રાવેલીંગ માટે રૂા. ૨ લાખ કે તેથી વધુ રકમ ખર્ચ કરેલ હોય.

(૩) રૂા. એક લાખ કે તેથી વધુ રકમનું લાઇટબીલ ભરેલ હોય

(૪) કોઇપણ મિલ્કત વેચીને રહેવાનું મકાન ખરીદેલ હોય કે કેપીટલ ગેઇન બોન્ડ લીધેલ હોય કે ખેતીની જમીન સામે ખેતીની જમીન ખરીદેલ હોય કે અન્ય કોઇ ભરવાપાત્ર કેપીટલ ગેઇનની સામે કોઇ ડીડકશનના કારણે કોઇ ઇન્કમટેક્ષ ભરવાનો થતો ન હોય છતાં પણ તેમણે ઇન્કમટેક્ષ રીટર્ન ફાઇલ કરીને કેપીટલ ગેઇન ની આવક બતાવીને સામે ડીડકશન મજરે માંગવાનું રહેશે.

(૫) તા. ૩૧/૦૮/૨૦૧૯ સુધીમાં જેમણે PAN આધાર કાર્ડ સાથે લીંક ન કરેલ હોય તેમણે તુરંત લીંક કરાવી લેવા નહીંતર આવા PAN ડી-એકટીવ કરવામાં આવશે. એટલે PAN અમલમાં નહીં રહે અને પછી ઇન્કમટેક્ષ રીટર્ન આધારકાર્ડ નંબર ઉપર થી ભરવાનું રહેશે અને આધારકાર્ડ નંબર ઉપરથી જે રીટર્ન ભરાણા હશે તેને ઇન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ દ્વારા નવા PA નંબર આપવામાં આવશે. એટલે આવી વ્યકિતઓએ બેંકોમાં જેમની પાસે T.D.S. કરાવવાની થતી હોય તેમને તથા જયાં જયાં PAN નંબર આપવાની જરૂર હોય ત્યાં નવા PAN નંબર આપવા પડશે. અને આવી વ્યકિતઓને જુના PAN નંબર માં થયેલ T.D.S. નું રીફંડ કેવીરીતે મળશે તે પણ પ્રશ્ન રહેશે.

D. P. Thakker & Co.

(૬) ચાલુ નાણાંકીય વર્ષ થી પગારમાંથી સ્ટાન્ડર્ડ ડીડકશન રૂા. ૪૦,૦૦૦/- ના બદલે રૂા. ૫૦,૦૦૦/- બાદ મળશે.

(૭) અત્યાર સુધી પોતાની માલીકીનું રહેવાનું એક મકાન બાદ મળતું હતું અને વધારાના રહેવાના મકાનો ભાડે ન આપેલ હોય તો પણ તેનું એન્યુઅલ વેલ્યુ આવકમાં બતાવવું પડતું હતું. હવે ચાલુ નાણાંકીય વર્ષથી દરેક વ્યકિતને રહેવાના બે મકાન માફ મળશે અને તેનાથી વધુ મકાનો હોય તો તેની અંદાજિત ભાડાની આવક એન્યુઅલ વેલ્યુ તરીકે બતાવવાની રહેશે.

(૮) સને ૨૦૧૯-૨૦ દરમ્યાન મંજુર કરાતી હાઉસીંગ લોન ના કીસ્સામાં રૂા. ૧,૫૦,૦૦૦/- વ્યાજ વધારે બાદ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. હાલમાં રૂા. ૨,૦૦,૦૦૦/- સુધીનું હાઉસીંગ લોનનું વ્યાજ બાદ મળે છે. તે ઉપરાંતમાં આ ડીડકશન મલશે. પણ તે માટે નીચેની શરતોનું પાલન થવું જરૂરી છે.

(૧) તા. ૧/૪/૨૦૧૯ થી તા. ૩૧/૩/૨૦૨૦ દરમ્યાન ફાયનાન્સીયલ ઈન્સ્ટીટુયર કે બેંક દ્વારા આ લોન મંજુર થયેલ હોવી જોઈએ.

(૨) આવી લોન લેનાર ના નામે બીજું કોઈ રહેવાનું મકાન ન હોવું જોઈએ.

(૩) આવા મકાન ની ખરીદ કિંમત કે જંત્રી કિંમત રૂા. ૪૫ લાખ થી વધુ ના હોવી જોઈએ.

(૪) એટલે આ રીતે જે લોન લીધી હોય તેનું વ્યાજ ચાલુ જોગવાઈ પ્રમાણે રૂા. ૨,૦૦,૦૦૦/- તથા આ નવી જોગવાઈ પ્રમાણે રૂા. ૧,૫૦,૦૦૦/- મળીને કુલ રૂા. ૩,૫૦,૦૦૦/- બાદ મળવાપાત્ર છે.

(૫) ચાલુ વર્ષ અગાઉના વર્ષોમાં લીધેલી લોન ઉપર ભરવાના વ્યાજને આ જોગવાઈ લાગુ પડતી નથી.

(૯) વીજ સંચાલીત વાહન ખરીદીની લોન ઉપર રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી વ્યાજ બાદ આપવાની નવી જોગવાઈ થઈ છે.

(૧૦) બિલ્ડરના કેસમાં વગર વેચાયેલ ખાલી મકાન/દુકાન સ્ટોક ઈન ટ્રેડ ગણાય છે. અને સને ૨૦૧૭-૧૮ એટલે કે A.Y. ૨૦૧૮-૧૯ થી એવી જોગવાઈ થયેલી છે કે બાંધકામ પુરૂ થયેથી કમ્પલીશન સર્ટીફીકેટ મલ્યું હોય તે નાણાંકીય વર્ષ પુરૂ થયા પછી જેટલી સ્થાવર મિલ્કત વગર વેચાયેલી હોય તેની એન્યુઅલ વેલ્યુ (અંદાજીત ભાડું) આવક ગણાશે. અને તેના ઈન્કમટેક્ષ આકારવામાં આવશે.

ઉપરોકત જોગવાઈમાં નવા સુધારા પ્રમાણે કંમ્પલીશન સર્ટીફીકેટ જે વર્ષ માં મલ્યુ હોય તે પછીના બે વર્ષ સુધી આવી કોઈ એન્યુઅલ વેલ્યુ (ભાડાની આવક) ગણવામાં નહીં આવે.

(૧૧) કલમ 80 C હેઠળ વીમો, પી.પી.એફ. વગેરે રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી બાદ મળે છે. તે ઉપરાંત નેશનલ પેન્શન સ્કીમ હેઠળ રૂા. ૫૦,૦૦૦/- નું વધારાનું ડીડકશન મળે છે. અને આવું NPS ખાતું બંધ થાય અથવા બંધ કરવામાં આવે ત્યારે ૬૦% રકમ માફ ગણાશે અને ૪૦% ની રકમ આવકમાં ગણાશે એટલે જે વેપારીઓની આવક રૂા. ૧૦ લાખ થી વધુ હોય તેમના કેસમાં આ રીતનું રોકાણ કરવું લાભકારક છે.

(૧૨) સરકારશ્રી ની નીતી પ્રમાણે રોકડ વ્યવહારો ને નિયંત્રીત કરી ડીઝીટલ પેમેન્ટ નો ઉપયોગ થાય તે માટે ઈ.ટેક્ષ કાયદા હેઠળ **નીચેના પેમેન્ટ રોકડે થી કરી શકાશે નહી.**

(૧) કોઈપણ ચેરીટેબલ સંસ્થાને રૂા.૨૦૦૦/- થી વધુ દાનની ચુકવણી.

(૨) મુડી ખર્ચ (કેપીટલ ખર્ચ) કે ધંધા અંગેના ખર્ચની રૂા.૧૦,૦૦૦/- થી વધુ રકમની ચુકવણી.

(૩) સ્થાવર મિલ્કતના વેચાણ કે ખરીદીનું રૂા.૨૦,૦૦૦/- થી વધુ રકમનું પેમેન્ટ.

(૪) રૂા.૨૦,૦૦૦/- થી વધુ રકમની લોન કે ડીપોઝીટ લેવી કે ચુકવવી.

(૫) ઉપરોકત વ્યવહારોના પેમેન્ટ A/c Payee cheque/Draft કે ECS દ્વારા કરવા ફરજિયાત છે.

D. P. Thakker & Co.

(૧૩) જાહેર ધર્માદા ટ્રસ્ટના કલમ 12AA ના રજીસ્ટ્રેશન રદ કરવા અંગે તારીખ ૧/૯/૨૦૧૯ થી આવકવેરા કમીશ્નર ને સત્તા આપેલ છે . જે મુજબ જાહેર ધર્માદા ટ્રસ્ટ કે સંસ્થાઓ કોઈપણ કાયદાની જોગવાઈ જે ટ્રસ્ટ ના હેતુઓ બાબતે મહત્વની હોય તેનું પાલન કરવા માં કસુર કરશે અને આ બાબત ટ્રસ્ટ દ્વારા સ્વીકારવામાં આવે તો તેવા કેસમાં આવા ટ્રસ્ટના રજીસ્ટ્રેશન રદ કરી શકશે.

G.S.T. :-

G.S.T. ના અમલ ને હવે બે વર્ષ પુરા થયેલ છે એટલે બધા વેપારીઓ તેનાથી માહિતગાર છે. છતાં પણ G.S.T. ની કેટલીક મુખ્ય જોગવાઈ તથા વેપારીઓની કેટલીક જવાબદારીઓ નીચે મુજબ છે.

(૧) જે વેપારીઓ માલ ખરીદ -વેચાણ નું કામકાજ કરે છે તેમણે ધંધા નું ટર્ન ઓવર રૂા.૪૦લાખ સુધીનું હોય ત્યાં સુધી G.S.T. નંબર લેવાની જરૂર નથી.પરંતુ જે વેપારીઓ સર્વિસ આપવાનો ધંધો કરે છે. દા.ત. બ્રોકર તો તેમણ રૂા.૨૦લાખ થી વધુ બ્રોકરેજની આવક થાય એટલે G.S.T. નંબર લેવો પડે.

(૨) એગ્રીકલ્ચર પ્રોડ્યુસ એટલે ખેતપેદાશો નો સ્ટોક કરવા માટે ગોડાઉન ભાડે આપેલ હોય તો આવી ભાડાની આવક ઉપર G.S.T. માફ છે. પરંતુ ધંધાની બેઠક માટે ઓફિસ ભાડે આપેલ હોય કે જયાં માલનો સ્ટોક થતો ન હોય કે ગોડાઉનમાં ખેતપેદાશ સિવાયની વસ્તુઓ રાખવામાં આવતી હોય તેવી જગ્યાની ભાડાની આવક ઉપર G.S.T. લાગે.

(૩) ગોડાઉન ની ચોકી માટે સીક્યોરીટી સર્વિસના બીલ ઉપર રીવર્સ ચાર્જ મીકેનીઝમ પ્રમાણે વેપારીએ પોતે G.S.T. ભરવો પડે.

(૪) તેવીજરીતે ખેતપેદાશો સિવાય ના માલના ખરીદ કે વેચાણ નું ટ્રાન્સપોર્ટ ભાડું રૂા.૭૫૦/- થી વધુ કે આખા વાહનનું ભાડું રૂા.૧૫૦૦/- થી વધુ આપેલ હોય અને ભાડુ લેનારે ટ્રાન્સપોર્ટ રસીદ આપેલ હોય તો ચુકવેલ ભાડાની રકમ ઉપર ૫ % પ્રમાણે (૨.૫ % + ૨.૫% ) R C M ભરવો પડે. જો ટ્રાન્સપોર્ટ કંપની ગુજરાત બહાર ની હોય તો ૫ % IGST નો R C M ભરવો પડે.

(૫) એડવોકેટ કે ટેક્ષ પ્રેકટીશ્નરને જે ફી ચુકવવામાં આવે તેના ઉપર ૯ % + ૯ % = ૧૮% GSTનો R.C.M. ભરવો પડે સીક્યુરીટી સર્વિસ, ટ્રાન્સપોર્ટ ભાડુ, વકીલ ફી વિગેરે નો જે R.C.M. ભરવામાં આવે તે જે તે મહીના ના ભરવાપાત્ર GST સામે મજરે મલે છે.

(૬) સને ૨૦૧૮-૧૯ નાં પુરાં થયેલ વર્ષ માં કોઈ ખરીદી ની ક્રેડીટ માંગવાની રહી ગયેલ હોય કે કોઈ વેચાણ નો ટેક્ષ કે R.C.M. ભરવાનો રહી ગયેલ હોય તો તે ૩૦।૯।૨૦૧૯ નું G.S.T. નું રીટર્ન ભરો ત્યાં સુધીમાં ક્રેડીટ કલેઈમ કરી લેવી તથા બાકી રહેલ ટેક્ષ વ્યાજ સાથે ભરાવી દેવો.

(૭) F.Y. ૨૦૧૮-૧૯ વર્ષમાં તમેજે I.T.C. કલેઈમ કરી તે તમારા G.S.T.R. 2A રીટર્ન સાથે મેળવવી ખુબજ જરૂરી છે.અને જો કોઈ I.T.C. તમે કલેઈમ કરેલ હોય અને G.S.T.R. 2A માં ન હોય તો તેવા વેપારીનો કોન્ટેકટ કરીને તે તેના હવે પછીના રીટર્ન માં જરૂરી સુધારો કરીને તમને માલની/સર્વિસની I.T.C. તમારાG.S.T.R. 2A માં દેખાય તેવું કરે તેમ કહેવું.

અમો આશા રાખીએ છીએ કે ઉપરોકત માહિતી તમને ઉપયોગી બનશે.

લિ.

ધીરૂભાઈ/કનુભાઈ/પિયુષભાઈ /નિખિલભાઈ

D. P. Thakker & Co.